
# વન વિભાગના ત્રણ કર્મચારીઓ એસીબીની ઝપટમાં : બે ની ધરપકડ

## ફાર્મમાં લીધેલા નવા વિજ કનેક્શનનો થાંભલો વન વિભાગની જગ્યાએ મુક્યો હોવાથી ચા-પાણીના ૫ હજાર માંગ્યા હતા

ગાંધીનગર, તા. ૨૩

વન વિભાગના ત્રણ કર્મચારીઓ દમદાટી આપીને ચા-પાણી સ્વરૂપે લાંચ માંગતા હોવાની ફરીયાદને આધારે ગાંધીનગર એસીબીની ટીમે સરગાસણ ચોકડી પાસે ટ્રેપ ગોઠવીને બે કર્મચારીઓની ધરપકડ કરી લીધી હતી. ફાર્મમાં લીધેલા નવા વિજ કનેક્શનનો થાંભલો વન વિભાગની જગ્યાએ મંજુરી વિના મુક્યો હોવાથી રૂ. ૫ હજારની લાંચની માંગણી કરી હતી. એસીબીએ બે ની ધરપકડ કરીને ફરાર અડાલજ રાઉન્ડના ફોરેસ્ટરની ધરપકડ માટે દોડધામ શરૂ કરી છે.



માણસાના સમૌ વિસ્તારમાં રહેતા રિતેષકુમાર ભગવાનદાસ ચૌધરીના મામાના ફાર્મમાં નવુ વિજ કનેક્શન લીધુ હતુ. જેના થાંભલા ફોરેસ્ટની જગ્યામાં હોવાથી કલોલ રહેતા અને અડાલજ રાઉન્ડમાં ફોરેસ્ટર તરીકે ફરજ બજાવતા જે.સી. પટેલ તથા સેક્ટર-૧૩-બી માં રહેતા અને ખોરજ બીટમાં ફોરેસ્ટ ગાર્ડ તરીકે ફરજ બજાવતા નરેન્દ્રસિંહ કિરીટસિંહ પરમારે તેમને કહ્યું કે આ માટેની મંજુરી મેળવી નથી તો ચા-પાણીના વ્યવહાર પેટે રૂ. ૫ હજાર કરવા પડશે. આ અંગે રીતેષકુમારે ગાંધીનગર એસીબીમાં ફરીયાદ કરતાં પી.આઈ. આર.એન. પટેલ તથા તેમની ટીમે ગઈ સાંજે સરગાસણ ચોકડી અટ્રીયા બીઝનેસ હબ પાસે છટકુ ગોઠવ્યું હતું. નરેન્દ્રસિંહે લાંચના નાણાંની વાતચીત કરી અને નરેન્દ્રસિંહ તથા જે.સી. પટેલ વતી ઉવારસદ રહેતા જગદીશજી



સુરસંગજી ઠાકોરે રૂ. ૫ હજાર લાંચ સ્વિકારી હતી અને એસીબીના હાથે ઝડપાઈ ગયો હતો. મોબાઈલ પર સ્પીકરથી વાતચીત કરતો લાંચના નાણાંની સ્વિકૃતી પણ ફોરેસ્ટર અને ફોરેસ્ટ ગાર્ડે આપી દેતા તે પૈકી નરેન્દ્રસિંહની પણ ધરપકડ કરી લીધી છે.

# કુડાસણમાં મકાન સળગાવીને પડોશીએ જ ચોરી કરી હતી

## રોજે રોજની બેઠક ધરાવતી પાડોશી મહિલાએ જ સંતાડેલી ચાવીથી લોક ખોલી મકાનમાંથી દાગીના અને રોકડ ચોરી કરી આગ લગાડી હોવાનું ખુલ્યું : મહિલાની ધરપકડ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર નજીક કુડાસણ ગામમાં પ્રજાપતિ વાસમાં એક સપ્તાહ પહેલા મકાનની અંદર ઘુસીને દાગીના તથા રોકડની ચોરી થઈ ગયા બાદ મકાનમાં આગ લગાડી દેવાઈ હોવાની ઘટના બનવા પામી હતી. આ મામલે ઈન્ફોસીટી પોલીસે ઝીણવટભરી તપાસ કરીને ગુનાનો ભેદ ઉકેલી નાંખ્યો છે. પડોશમાં રહેતી અને રોજેરોજની ઉઠક બેઠક ધરાવતી મહિલાએ જ ગુનો આચર્યો હોવાનું બહાર આવતા તેણીની ધરપકડ કરીને પોલીસે કાયદેસરની કાર્યવાહી આરંભી છે.

ઈન્ફોસીટી પી.આઈ. પી.બી.ચૌહાણ, પીએસઆઈ કે.ડી. પ્રજાપતિ, એમ.એચ. સોલંકી, કોન્સ્ટેબલ રતનસિંહ સહિતની ટીમે આ ગુનો નોંધાતા એસ.પી. વિરેન્દ્રસિંગ યાદવની સુચનાથી ઉંડી તપાસ આરંભી હતી. સવારે ૧૦ વાગે મકાનમાલિક દેવાભાઈ પટેલીયા તેમની પત્નિ સાથે ઓફિસ ગયા હતા. દિકરો મકાનને લોક મારીને સ્કુલે ગયો હતો. અને મકાનની ચાવી પોતાના મકાનની બહાર આવેલા કબાટમાં સંતાડી હતી. બપોરે પડોશીનો ફોન આવ્યો કે મકાનમાં આગ લાગી છે તો ઘરે જઈને દેવાભાઈએ તપાસ કરી તો દાગીના તથા રોકડ મળી રૂ. ૪૫ હજાર પણ ગાયબ હતાં. ઉંડી તપાસ કરતાં બહાર આવ્યું કે દેવાભાઈને આગનો ફોન કરનાર પડોશી સરલાબેન ઉર્ફે સોનલબેન કલ્પેશભાઈ પારધી રહે. દાહોદ એ જ આ ગુનો આચર્યોછે.પોલીસને સરલાબેન પર પડેલી શંકાના આધારે તેણીની સઘન પુછપરછ કરતાં સમગ્ર ગુનાની કબુલાત સરલાબેને કરી લીધી છે. મહિલાની ધરપકડ કરીને ઈન્ફોસીટી પોલીસે વધુતપાસ શરુ કરી છે.

# મુખ્યમંત્રીએ જાહેર કર્યુ છતાં હજુ નોન ક્રિમીલેયર સર્ટિફિકેટ એક વર્ષની મુદતનું જ ઈશ્યુ કરાય છે

## ઓબીસી ઉમેદવારોને પડતી તકલીફોને ધ્યાનમાં લઈ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે નોન-ક્રિમીલેયર સર્ટિફિકેટ ત્રણ વર્ષની મુદતના ઈશ્યુ કરવામાં આવશે તેવી જાહેરાત કરી હતી

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે તાજેતરમાં બક્ષીપંચના ઉમેદવારો માટેના નોન-ક્રિમીલેયર સર્ટિફિકેટની સમયમર્યાદા એક વર્ષથી વધારીને ત્રણ વર્ષની કરી દેવાની જાહેરાત કરી હતી. આમ છતાં હાલ જનસેવા કેન્દ્ર પરથી જે નોન ક્રિમીલેયર સર્ટિફિકેટ ઈશ્યુ કરવામાં આવે છે તેના પર એક વર્ષની મુદતની તારીખ જ છાપવામાં આવેલી હોય છે.

સ્પર્ધાત્મક પરીક્ષાઓ દ્વારા સરકારી નોકરીવાંચ્છુ ઓબીસી ઉમેદવારોને જો નોન-ક્રિમીલેયર સર્ટિફિકેટ હોય તો જ અનામતના લાભ મળવાપાત્ર હોય છે. આ સર્ટિફીકેટ ઈશ્યુ કરવામાં આવે છે ત્યારે તેની સાથે તેની વેલેડિટી તારીખ પણ છાપેલી હોય છે. અત્યાર સુધી આ સર્ટિફિકેટ એક વર્ષની મર્યાદાની વેલેડિટીથી ઈશ્યુ કરવામાં આવે છે. તેમાં ઉમેદવારોને અનેક તકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે. ઉમેદવારો જ્યારે પરીક્ષા આપે ત્યારે નોન-ક્રિમીલેયર સર્ટિફિકેટ કઢાવ્યું હોય પરંતુ ઘણીવાર ભરતી પ્રક્રિયા લાંબી ચાલે ત્યારે આખરી તબક્કામાં તેમને સર્ટિફિકેટ રીન્યુ કરાવવા દોડવુ પડે છે. આ પ્રકારની અન્ય અનેક સમસ્યાનો સામનો કરી રહેલા ઓબીસી ઉમેદવારોની તકલીફને ધ્યાનમાં લઈને મુખ્યમંત્રીએ નોન-ક્રિમીલેયર સર્ટિફિકેટની મુદતમાં વધારો કરી ત્રણ વર્ષની વેલેડીટી સાથે ઈશ્યુ કરવાનો નિર્ણય કરી તેની જાહેરાત પણ કરવામાં આવી હતી. આમ છતાં હજુ પણ ઉમેદવારો નોન ક્રિમીલેયર સર્ટિફિકેટ કઢાવવા જનસેવા કેન્દ્ર પર જાય છે તો તેમને માત્ર એક જ વર્ષની મુદતનું સર્ટિફિકેટ ઈશ્યુ કરવામાં આવે છે. આથી ઉમેદવારોમાં એક વર્ષ પછી ફરીથી નોન ક્રિમીલેયર સર્ટિફિકેટ કઢાવવાની પ્રોસેસ કરવી પડશે તે વિચારે નિરાશા વ્યાપી જવા પામી રહી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

**સૂર્યોદય : ૬.૦૭**
**સૂર્યાસ્ત : ૭.૨૭**

## તાપમાન

**મહત્તમ : ૩૪.૦ ડિ.સે.**
**લઘુત્તમ : ૨૬.૨ ડિ.સે.**

## ભેજનું પ્રમાણ

**સવારે ૮૯ ટકા ● સાંજે ૬૫ ટકા**

## મનોરંજન

### સિટીપલ્સ

**સ્ક્રીન-૧ :**
બજરંગી ભાઈજાન : ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨ :**
બજરંગી ભાઈજાન : ૧.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

**સ્ક્રીન-૩ :**
બાહુબલી : ૧.૦૦, ૪.૦૦
બજરંગી ભાઈજાન : ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪ :**
બજરંગી ભાઈજાન : ૧૦.૦૦
બાહુબલી : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૫ :**
બજરંગી ભાઈજાન : ૧૦.૦૦
બાહુબલી : ૧૦.૦૦

### સિનેમેક્સ

**સ્ક્રીન-૧ :**
બજરંગી ભાઈજાન : ૯.૦૦, ૧૨.૧૦, ૩.૩૦, ૬.૫૦, ૧૦.૧૦

**સ્ક્રીન-૨ :**
બજરંગી ભાઈજાન : ૧૧.૧૦, ૨.૩૦, ૫.૫૦, ૯.૧૦

**સ્ક્રીન-૩ :**
બજરંગી ભાઈજાન : ૧૦.૩૦, ૧.૪૦, ૪.૫૦, ૮.૦૦

**સ્ક્રીન-૪ :**
બાહુબલી : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૨૦, ૬.૪૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**વૃષભ** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે.માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. સત્સંગ થશે.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

## ચિરવિદાય

- સ્વ. કેશરબેન વિરચંદભાઈ દંતાણી (ઉ.વ.૪૫) સે-૨૩ના છાપરાં, ગાંધીનગર
- ગોપાલજી વરવાજી ચૌહાણ (ઉ.વ.૬૧) મુ. પેથાપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. માણેકબેન છનાજી દંતાણી (ઉ.વ.૯૮) સે-૨૮, આદિવાડા, તા.જી. ગાંધીનગર

# માર્ગ અને મકાન વિભાગનો સતત ૧૬મો રકતદાન કેમ્પ યોજાયો



ગાંધીનગર, તા. ૨૩

માર્ગ અને મકાન વિભાગ દ્વારા ૧૬મો રકતદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. કેમ્પનો શુભારંભ માર્ગ અને મકાન મંત્રી નીતિનભાઈ પટેલે કરાવ્યો હતો. જેમાં ૧૫૯ બોટલ રકત એકત્રિકરણ કરવામાં આવ્યું હતું.

થેલેસેમિયા પીડિત દર્દીઓ માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા સતત ૧૬મી વાર રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. નવા સચિવાલય બ્લોક નં. ૧૪ ખાતે આજે કેમ્પ યોજવામાં આયો હતો જેનો શુભારંભ મંત્રી નીતિનભાઈ પટેલે કરાવ્યો હતો.

રકતદાન કેમ્પમાં મોટી સંખ્યામાં કર્મચારીઓએ ઉપસ્થિત રહી સહયોગ આપ્યો હતો. ૧૫૯ કર્મચારીઓએ રકતદાન કર્યું હતું. રકતદાન કરનાર દાતાને વિભાગના સચિવ અને ઈજનેરના હસ્તે સ્મૃતિ ચિહ્ન અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

રકતદાન કેમ્પમાં શશીકાન્ત મોઢાએ ૧૨૬મી વખત રકતદાન કર્યું હતું. તેમજ વિભાગના જયેશ ધ્રુવ, સુરેશ જાવલ, હિતેશ અંધારિયા, ડી.એચ. પટેલ તેમજ વિદ્યુત અને સીવીલ સ્ટાફના સભ્યોએ ઉપસ્થિત રહી સહયોગ પુરો પાડયો હતો. કેમ્પમાં શહેર વસાહત મહામંડળના અરુણભાઈ બુચ ઉપસ્થિત રહ્યા હતા. અમદાવાદ પાલડી સ્થિત ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા સેવા આપવામાં આવી હતી.

# સેક્ટર-૨૩ આર.જી. પટેલ કન્યા શાળામાં આઈ.એ.એસ. માર્ગદર્શન સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૨૩

સેકટર-૨૩માં આવેલ આર.જી. પટેલ કન્યા શાળામાં આઈ.એ.એસ. અભ્યાસની માહિતી આપતો સેમિનાર યોજવામાં આવ્યો હતો. વિદ્યાર્થીનીઓને આઈ.એ.એસ. પરીક્ષાની સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહી હતી. યુવાનોમાં સનદી અધિકારી બનવા માટેનો ઉત્સાહ ખુબજ હોય છે. સરકારીક્ષેત્રે સનદી અધિકારી બનવા માટે યુવાનો તનતોડ મહેનત કરતા હોય છે. ઘણા ખરા યુવાનો એવા પણ હોય છે કે જેની પાસે સનદી અધિકારી બનવા માટેની માહિતી મળતી હોતી નથી.

આર,જી. પટેલ કન્યા શાળાની વિદ્યાર્થીનીઓ માટે આઈ.એ.એસ. અભ્યાસક્રમ તેમજ કારકિર્દી સેમિનાર સુધાબેન પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. મમતા આઈ.એ.એસ. સેન્ટરના સચિનભાઈ સોનીએ વિદ્યાર્થીનીઓને માહિતી આપી હતી. જેમાં પ્રાથમિક પરીક્ષાથી લઈને છેલ્લી પરીક્ષા સુધીની માહિતી આપી હતી. આઈ.એ.એસ. બનવા માટે સાહિત્ય ક્લાસીસ, વયમર્યાદા વિશેની સંપૂર્ણ વિગતો આપી હતી. તેમજ વિદ્યાર્થીનીઓને મુંઝવતા સવાલોના જવાબો આપ્યા હતા. કાર્યક્રમનું સંચાલન શિક્ષક મનુભાઈએ કર્યુ હતુ.

# મેયર અને ડેપ્યુટી મેયર દ્વારા વિભિન્ન વિભાગોની મુલાકાત લેવામાં આવી

ગાંધીનગર, તા. ૨૩

મેયરશ્રી, ડેપ્યુટી મેયરશ્રી અને કોર્પોરેટરશ્રી દ્વારા આજે મ્યુનિસિપલ કોર્પોરેશનના જુદાં જુદાં વિભાગોની મુલાકાત લેવામાં આવી હતી અને વિભાગો દ્વારા થતી કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. જેમાં જનસુખાકારીની કામગીરી વધુ અસરકારક બને તે માટે પદાધિકારીઓ દ્વારા જરૂરી સૂચનો કરાયા હતા.



ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશન હેઠળના વિભિન્ન વિભાગો દ્વારા શહેરીજનોને અનેકવિધ પ્રકારની સુવિધાઓ પુરી પાડવામાં આવે છે ત્યારે આજે આ વિભાગોની મેયરશ્રી હંસાબેન મોદી, ડેપ્યુટી મેયરશ્રી કાર્તિકભાઈ પટેલ અને કોર્પોરેટરશ્રી સુરેશભાઈ મહેતા દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. મેહકમ વિભાગ, આરોગ્ય વિભાગ, ફૂડ વિભાગ, એકાઉન્ટ વિભાગ, મેલેરિયા વિભાગ, સેનીટેશન વિભાગ અને ટેક્ષ વિભાગ સહિતના વિભાગોની મુલાકાત લઈ પદાધિકારીઓ દ્વારા જે તે વિભાગની કામગીરી અંગે જાણકારી મેળવાઈ હતી. તેમજ કર્મચારીઓના પ્રશ્નો અંગે પણ ચર્ચાવિચારણા કરાઈ હતી. દરમિયાન જનસુખાકારી અને જનસુવિધાની કામગીરી વધુ ઝડપી અને સરળ બને તે હેતુ પદાધિકારીઓ દ્વારા કર્મચારીઓને કેટલાકસુચનો પણ કરાયા હતા.

# માલધારી - રબારી - ભરવાડ સમાજના અગ્રણીઓએ મુખ્યમંત્રીનું અભિવાદન-સન્માન

ગાંધીનગર, તા. ૨૩

સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગો તથા વિકસતી જાતિઓ માટે આવક દાખલા અને નોન ક્રિમીલેયર સર્ટીફિકેટની મુદત ૩ વર્ષ કરવાના કરેલા નિર્ણય અંગે ગાંધીનગરમાં માલધારી રબારી, ભરવાડ સમાજના અગ્રણીઓ, સંતો, ગાદિપતિઓએ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલનું સન્માન-અભિવાદન કર્યુંહતું.

તેમણે માલધારી, રબારી, ભરવાડ સમાજની ગીર નેસમાં વસવાટ કરતી માતા-બહેનોના સશક્તિકરણ માટે રાજ્યની કલ્યાણ યોજનાઓના લાભ ગીર નેસમાં સામે ચાલીને ઘરઆંગણે જઈને તંત્રએ આપ્યા છે તેની ભૂમિકા પણ સમજાવી હતી.



ગોપાલક વિકાસ બોર્ડના અધ્યક્ષશ્રી અરજણભાઈ રબારીના નેતૃત્વમાં મુખ્યમંત્રીનું અભિવાદન વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેલા આ સમાજ અગ્રણીઓએ કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ સૌના સાથે સૌના વિકાસની રાજ્ય સરકારની સંકલ્પબદ્ધતા સાથે વિકસતી જાતિઓમાં કન્યા શિક્ષણ, ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોમાં બાળક દિઠ મળતી નિભાવ ગ્રાન્ટમાં રૂ. ૫૦૦નો વધારો તેમજ પશુપાલક મહિલાઓને મિલકીંગ મશીન, બલ્ક મિલ્ક કૂલર તથા મહિલા દૂધ ઉત્પાદક મંડળીઓને મકાન બનાવવા ૩૦૦ ચો.મીટર વિનામૂલ્યે જમીન ફાળવવા તથા મકાન બાંધકામ સહાય માટે લોન જેવી યોજનાઓનો વ્યાપક લાભ લેવા સમાજ જાગૃતિ અંગે પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું.

ગોપાલક વિકાસ બોર્ડના અધ્યક્ષશ્રી અરજણભાઈ રબારીએ નિગમને પાંચ કરોડની શેરમૂડી ફાળવવા માટે પણ રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

માલધારી-રબારી સમાજના થરા, બાવળીયાળી, દૂધરેજ અને તરભ જગ્યાના ગાદિપતિ મહંતોએ સમાજની લાગણીને વાચા આપી મુખ્યમંત્રીશ્રીને સફળ મહિલા મુખ્યમંત્રી તરીકે શાસન દાયિત્વ સંભાળવાના આશીર્વચન-શુભકામનાઓ પાઠવ્યા હતા.

સંસદીય સચિવશ્રી રણછોડભાઈ રબારી તથા માલધારી-રબારી-ભરવાડ સમાજ અગ્રણીઓ આ વેળાએ ઉપસ્થિત રહ્યા હતા.

# ડેમોક્રેટીક પીપલ્સ એસોસીએશનના પ્રમુખપદે ભાનુકાન્ત પરમાર

ગાંધીનગર, તા. ૨૩

ડેમોક્રેટીક પીપલ્સ એસોસીએશન ગુજરાત ગાંધીનગરની ત્રણ વર્ષ માટે કારોબારીની વરણી કરવામાં આવેલ છે. શ્રી ભાનુકાંત પી. પરમારના અધ્યક્ષસ્થાને મળેલ બેઠકમાં સર્વાનુમતે વરણી કરાઈ હતી. શ્રી ભાનુકાંત પી. પરમાર - પ્રમુખ, શ્રી જગદીશ વાઘેલા - કાર્યકારી પ્રમુખ, શ્રી સોમાભાઈ ડી. પરમાર - ઉપપ્રમુખ, શ્રી પી. જે. રાઠોડ - ઉપપ્રમુખ, શ્રી મૂળજીભાઈ એ. પરમાર 'દધિ' - મહામંત્રી, શ્રી જે. સી. પરમાર - મંત્રી, શ્રી વિરચંદભાઈ બી. પરમાર - સંગઠનમંત્રી, શ્રી પાનાચંદ એસ.વણકર - ખજાનચી, શ્રી રમણલાલ શ્રીમાળી - આંતરિક ઓડિટર, શ્રી દશરથભાઈ એમ. પરમાર - પ્રવકતા, શ્રી ખુશાલભાઈ એ. પરમાર - કારોબારી સભ્ય, શ્રી જીવણલાલ ટી. સીંઘવ, શ્રી નરસિંહભાઈ પરમાર, ડૉ. અમૃતભાઈ સોલંકી કારોબારી સભ્ય તરીકે નિમાયા છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ નિમિત્તે ચિંતન શિબિર યોજવામાં આવનાર છે.

# લયબધ્ધ શ્વસન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

પૂ. તાવરિયાજી દ્વારા લયબધ્ધ શ્વસનનો કાર્યક્રમ દર માસના છેલ્લા શુક્રવાર, શનિવાર અને રવિવારે યોજવામાં આવે છે ત્યારે તા. ૨૪, ૨૫, ૨૬ જુલાઈ દરમિયાન સવારે ૮-૦૦ વાગે બલરામ મંદિર હોલ સેકટર-૧૨ ખાતે યોજાશે જેનો લાભ લેવા નગરજનોને જણાવાયું છે.

# સરઢવમાં દરોડો પાડી એલસીબીએ ૫૧ બોટલ દારૂ પકડયો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર એલસીબીને બાતમી મળી હતી કે સરઢવ ગામમાં રહેતા જયંતી દાના સોલંકીના મકાનમાં વિદેશી દારૂની બોટલો પડી છે. આ બાતમીને આધારે એલસીબીની ટીમે દરોડો પાડી મકાનમાં તપાસ કરતાં અલગ અલગ બ્રાન્ડની ૫૧ વિદેશી દારૂની બોટલ મળી આવી હતી. પોલીસે રૂ. ૮૧૦૦ની કિંમતના દારૂનો મુદ્દામાલ જપ્ત કરીને જયંતી સોલંકીની ધરપકડ કરી પેથાપુર પોલીસ મથકમાં ગુનો દાખલ કર્યો છે.